# જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૯ /૨૦૨૩,
તા.૩૧/૫/૨૦૨૩

હું, પ્રેમ વીર સિંહ, IPS, ઇ/ચા. પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે ઇદગાહબ્રિજ, અસારવા ખાતે વેસ્ટર્ન રેલ્વે, અમદાવાદ દ્વારા કરવામાં આવનાર કામગીરી અનુસંધાને વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં ઇદગાહબ્રિજની મધ્યમાં કોન્ક્રીટની રેલીંગનો વજન વધી જતા બ્રિજ નીચેથી પસાર થતી ટ્રેનો ઉપર કોન્ક્રીટ પડવાનો ભય રહેલ છે. આ બાબતે વેસ્ટર્ન રેલ્વે, અમદાવાદના સિનિયર સેક્શન એન્જીનીયર (બ્રિજ વિભાગ) દ્વારા જરૂરી સર્વે કરવામાં આવેલ છે. જેથી કોઇપણ પ્રકારની દુર્ઘટના ન સર્જાય તે સારુ રેલીંગ કાઢવાનું કામકાજ વેસ્ટર્ન રેલ્વે દ્વારા કરવાનું હોવાથી ઇદગાહ બ્રિજ બન્ને સાઇડ વાહન વ્યવહાર માટે બંધ કરીને આ બ્રિજ પરથી પસાર થતા તમામ પ્રકારના ટ્રાફિકની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન વાળો માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | ઇદગાહ પોલીસ ચોકીથી ગીરધરનગર સર્કલ મહાકાળીના મંદિર સુધીનો રોડ પ્રતિબંધિત રહેશે. | **૧.** કાલુપુરથી આવતો ટ્રાફિક ઇદગાહ સર્કલ થઇ અસારવા બ્રિજ થઇ અસારવા ચકલા થઇ સિવિલ હોસ્પીટલ તથા અસારવા તરફ જઇ શકાશે.<br>**૨.** શાહીબાગ તરફથી આવતો ટ્રાફિક ગિરધરનગર સર્કલ મહાકાળી મંદીરથી ડાબી બાજુ વળી ગિરધરનગર હાઉસિંગ સોસાયટી પ્રિતમપુરા બળીયાલીમડી થઇ અસારવા તેમજ સિવીલ હોસ્પીટલ તરફ જઇ શકાશે.<br>**3.** ઇદગાહ બ્રિજ નીચે આવેલ ચાલીઓ તરફ જવા માટે મહાકાળી મંદિર થઇ કાશીની ચાલી જ્યુબીલી બ્લોક, બહુમાળી ભવન, જય મંગલ રેસીડેન્સી રાજનગર મીલ પાછળથી ઉત્તર ગુજરાત પટેલ સોસાયટી થઇ અસારવા મુખ્ય માર્ગ તરફ જઇ શકાશે. |

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૩૧/૫/૨૦૨૩ થી તા.૧૪/૬/૨૦૨૩** (દિન-૧૫) સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૫/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૩૦/૫/૨૦૨૩
અમદાવાદ શહેર

( પ્રેમ વીર સિંહ )
ઇ/ચા.પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિદ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિદ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવા સારૂં.